**Diamond Research and Mercantile City Limited**
A Government of Gujarat owned Company
CIN : U75143GJ2015SGC083828
4th Floor, SUDA Bhavan, Vesu-Abhva Road, Vesu, Surat-395007
Email: dreamclsurat@gmail.com Website: www.dreamcitysurat.in

નં.ડ્રીમ સીટી/૧૪૩ તા.૨૮/૧૦ /૨૦૨૦

પ્રતિ,
ડીરેકટરશ્રી,
એસડીબી ડાયમંડ બુર્સ,
૬૭, પ્રથમ માળ, તાપ્તી એક્ષપોર્ટસ,
ધર્માનંદન ડાયમંડ પાસે,
કતારગામ, સુરત–૩૯૫૦૦૪.

**વિષયઃ–** ડ્રીમ સીટી, ખજોદ ખાતે આવેલ એસડીબી ડાયમંડ બુર્સના બીલ્ડીંગના મંજુર થયેલ આયોજનમાં સુચવેલ આંતરિક ફેરફારોને અનુમોદન આપવા બાબત.

**સંદર્ભઃ–** (૧) ડ્રીમ સીટી લી., રજાચિઠ્ઠી નં.DREAM CITY/001, તા.૨૮/૦૧/૨૦૧૯
(૨) અત્રેની કચેરીનો અનુમોદન પત્ર નં.ડ્રીમસીટી/૨૨૪, તા.૦૩/૦૯/૨૦૧૯
(૩) આપની કચેરીનો પત્ર નં.SDB/DREAM/08-2020/002, તા.૨૪/૦૮/૨૦૨૦

મહાશય,

ઉપરોકત વિષયમાં જણાવેલ મોજે ખજોદ, બ્લોક નં.૧૭૭ પૈકીવાળી જમીનમાં એસડીબી ડાયમંડ બુર્સ બિલ્ડીંગના બાંધકામની રજાચિઠ્ઠી અત્રેથી સંદર્ભ (૧) હેઠળનાં પત્રથી આપવામાં આવેલ. ત્યારબાદ પ્લાનમાં આંતરીક ફેરફારોને અનુમોદન સંદર્ભ (૨) હેઠળનાં પત્રથી આપવામાં આવેલ.

આપશ્રીના સંદર્ભ (૩) હેઠળના પત્રથી ઉકત મુજબ અગાઉ અત્રેથી મંજુર થયેલ બાંધકામમાં ફરીથી કેટલાક આંતરીક ફેરફારો/ સુધારા કરવા સુચવીને તે અંગે અનુમોદન આપવા અરજી કરેલ છે. રાજય સરકારનાં તા.૧૨/૧૦/૨૦૧૭ નાં જાહેરનામાથી મંજુર થઈને અમલી બનેલ સંકલિત વિકાસ નિયંત્રણ નિયમો પૈકીના નિયમ ૩.૨ તથા ૩.૭ ની જોગવાઈ ધ્યાને લેતાં આપશ્રીનાં સંદર્ભ (૩) હેઠળનાં પત્રથી રજુ કરેલ પ્લાનમાં સુચવ્યા મુજબનાં આંતરીક ફેરફારો/ સુધારાને અનુમોદન આપવામાં આવે છે. જે વિદિત થાય.

બિડાણઃ અનુમોદન આપવામાં આવેલ પ્લાનની નકલો.

મેનેજીંગ ડીરેકટર
ડ્રીમ સીટી લી. અને કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા